BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )

Azadi Ka Amrit Mahotsav

પરિપત્રઃ-

વિષયઃ- જિલ્લા કક્ષાની પ્રાચીન-અર્વાચીન ગરબા અને રાસ સ્પર્ધામાં ભાગ લેવા બાબત.
સંદર્ભઃ- જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી, જૂનાગઢનાં પત્ર ક્રમાંક/જરગઅ/સંસ્કૃતિ/રાસ ગરબા/૨૦૨૨-૨૩, તા.૦૩/૦૯/૨૦૨૨.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જૂનાગઢ જિલ્લાની તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓને ઉપરોક્ત સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે, પ્રતિ વર્ષની જેમ ચાલું વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન જૂનાગઢ ગ્રામ્ય અને જુનાગઢ શહેર જિલ્લાકક્ષા નવરાત્રિ રાસ-ગરબા સ્પર્ધા યોજવામાં આવનાર છે.

આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ નિયત પ્રવેશપત્ર જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી, બ્લોક નં. ૧/૧, બહુમાળી ભવન, સરદારબાગ, જૂનાગઢ-૩૬૨૦૦૧, ફોન નં.૦૨૮૫-૨૬૩૦૪૯૦ ખાતેથી રૂબરૂ અથવા ફેસબુક આઈ.ડી. - Dso Junagadhcity પરથી મેળવી તા.૧૨/૦૯/૨૦૨૨ સુધીમાં કચેરીના કામકાજના દિવસો દરમિયાન તથા કચેરી સમય દરમિયાન જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી, જૂનાગઢ ખાતે પહોંચાડવાના રહેશે.

આપની કોલેજમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓને આ સ્પર્ધામાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવા જણાવવામાં આવે છે.

નોંધઃ- આ સ્પર્ધામાં ભાગ લેનાર ઉમેદવારોએ સંદર્ભપત્ર તથા પરિશિષ્ટ-અ,બ માં દર્શાવેલ નિયમોનું પાલન કરવાનું રહેશે.

બિડાણઃ- (૧) સંદર્ભદર્શિત પત્રની નકલ.
(૨) પરિશિષ્ટ-અ, બ તથા પ્રવેશ ફોર્મ.

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૯૧૨૯/૨૦૨૨
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગર્વમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ-૩૬૨ ૨૬૩
તા.૦૬/૦૯/૨૦૨૨

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જૂનાગઢ જિલ્લાની તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ.....

<u>નકલ સાદર રવાનાઃ-</u>
- માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી..

<u>નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થેઃ-</u>
- આઈ.ટી.સેલ વિભાગ (વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા અર્થે.)

૦૨૮૫-૨૬૩૦૪૯૦

ક્રમાંક: જરગઅ/સંસ્કૃતિ/રાસ ગરબા/૨૦૨૨-૨૩
જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી,
બ્લોક નં.૧ , પ્રથમ માળ, બહુમાળી ભવન,
સરદાર બાગ, જુનાગઢ -૩૬૨૦૦૧
તા.૦૩/૦૯/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી/પ્રિન્સિપલશ્રી,
માધ્યમિક, ઉચ્ચ.મા.શાળા, કોલેજો
સરકારી, ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ, આર.એમ.એસ.એ. શાળાઓ/કોલેજો તમામ
જુનાગઢ, જિલ્લો જુનાગઢ

વિષય : જિલ્લાકક્ષાની પ્રાચીન-અર્વાચીન ગરબા અને રાસ સ્પર્ધામાં ભાગ લેવા બાબત.
સંદર્ભ: કમિશનરશ્રી,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ,ગાંધીનગરના તા.૩૦/૦૮/૨૨ પરીપત્ર ક્ર: યસપ/સંસ્કૃતિ/ગ.રાસ સ્પર્ધા/૨૦૨૨-૨૩/ગ-૧/૨૭૧૬૩- ૨૭૪૧૩ .

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પરીપત્ર અન્વયે જણાવવાનું કે, પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન જુનાગઢ ગ્રામ્ય અને જુનાગઢ શહેર જિલ્લાકક્ષા નવરાત્રિ રાસ-ગરબા સ્પર્ધા યોજવામાં આવનાર છે.

આ સ્પર્ધામાં પ્રાચીન ગરબા તથા અર્વાચીન ગરબામાં ૧૪ થી ૩૫ વર્ષના બહેનો ભાગ લઈ શકશે. જ્યારે રાસની સ્પર્ધામાં ૧૪ થી ૪૦ વર્ષ સુધીના ભાઈઓ/બહેનો ભાગ લઈ શકશે. રાસ તથા પ્રાચીન-અર્વાચીન ગરબાનો સમય ૬ થી ૧૦ મીનીટ નો રહેશે. રાસ તથા પ્રાચીન, અર્વાચીન ગરબામાં ભાગ લેનાર વ્યક્તીઓની સંખ્યા ૧૨ થી ૧૬ રાખી શકાશે અને સાથે સંગીતકાર ૪ રાખી શકાશે.

આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ નિયત પ્રવેશપત્ર જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, બ્લોક નંબર ૧/૧, બહુમાળી ભવન, સરદારબાગ, જુનાગઢ-૩૬૨૦૦૧, ફોન નં.૦૨૮૫ ૨૬૩૦૪૯૦ ખાતેથી રૂબરૂ અથવા ફેસબુક આઇ.ડી. – Dso Junagadhcity પરથી મેળવી તા.૧૨/૦૯/૨૦૨૨ સુધીમાં કચેરીના કામકાજના દિવસો દરમિયાન તથા કચેરી સમય દરમિયાન જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જુનાગઢ ખાતે પહોંચાડવાના રહેશે. અધુરી વિગત વાળા પ્રવેશપત્ર સ્વીકાર્ય રહેશે નહી, નિયત સમય મર્યાદામાં પ્રવેશપત્ર મોકલનારને સ્પર્ધાના તારીખ અને સ્થળની જાણ કરવામાં આવશે.

આપની શાળા/કોલેજ ના રસ ધરાવતા વિદ્યાર્થીઓ ને ભાગ લેવા પ્રોત્સાહીત કરવા જણાવવામાં આવે છે.

બિડાણ:- ઉપર મુજબ

જિલ્લા યુવા વિકાસ અધિકારી
જુનાગઢ

જિલ્લા શિક્ષણાધિકારી
જુનાગઢ

નકલ સવિનય જાણ સારૂ:
(૧)માન. કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર
(૨)માન. કલેકટરશ્રી, જુનાગઢ

નકલ રવાના જરૂરી કાર્યવાહી થવા સારૂ:
(૧)માન.રજીસ્ટ્રારશ્રી, કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ(આપના તાબાની જુનાગઢ જિલ્લાની કોલેજોને જાણ કરવા વિનંતી )
(૨)માન.રજીસ્ટ્રારશ્રી, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ ( // )

d:\2022-23\ras garba\to school.doc

પરિશિષ્ટ - "અ"

## રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા યોજવામાં આવતી જિલ્લા અને રાજયકક્ષા ગરબા હરિફાઇના નિયમો.

૧. ગરબામાં ભાગ લેનાર બહેનોની વય મર્યાદાનું ધોરણ ૧૪ થી ૩૫ વર્ષનું રહેશે. વાધકારોને વયમર્યાદા લાગુ પડશે નહિ.

૨. પ્રત્યેક ગરબાની સમયમર્યાદા ૬ થી ૧૦ મિનિટની રહેશે.

૩. પ્રત્યેક ગરબામાં ઓછામાં ઓછી ૧૨ અને વધુમાં વધુ ૧૬ બહેનો હોવી જોઇએ.

૪. ગરબા સાથે સાજ સંગીતમાં વધુમાં વધુ ૪ વાધો ઉપયોગમાં લઇ શકાશે. હારમોનીયમનો ઉપયોગ થઇ શકશે અને તે એક વાધ તરીકે ગણાશે. વળી, હારમોનીયમ વગાડનાર કલાકારને માઇકથી દૂર બેસવાનું રહેશે. જે વાધોનો ઉપયોગ કરવા માંગતા હો તેના નામ પ્રવેશપત્રમાં ભરવા આવશ્યક છે. ગરબાની શરૂઆતમાં વાધ વાદનને પ્રાધાન્ય અપાય તે ઇચ્છનીય છે.

૫. (ક) પ્રત્યેક સંસ્થાએ એક પ્રાચીન અને એક અર્વાચીન એ બે ગરબા રજૂ કરવાના રહેશે. પ્રાચીન ગરબો રજૂ કરવો ફરજીયાત છે. જયારે અર્વાચીન ગરબામાં ભાગ લેવો મરજીયાત છે. ગરબાની પુરી કૃતિઓની શુધ્ધ પાઠ ધરાવતી એક શુધ્ધ જોડણીવાળી બબ્બે હસ્ત લિખિત નકલો પોતાના પ્રવેશપત્ર સાથે મોકલવાની રેશે. શ્રેષ્ઠ પ્રાચીન કૃતિ અને શ્રેષ્ઠ અર્વાચીન કૃતિની રજૂઆત કરનાર મંડળીની રાજય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરાશે.

(ખ) કૃતિઓનું ધોરણ લોક સાહિત્યની દ્રષ્ટીએ યથાયોગ્ય હોવું જોઇએ અને કેવળ જોડકણાં જેવી કૃતિઓ હશે તો આયોજકોને તેનો અસ્વિકાર કરવાનો અધિકાર રહેશે.

(ગ) જે કૃતિઓ રજૂ કરવા માંગતા હોય તે કૃતિઓ રજૂ કરવાની લિખિત પરવાનગી મેળવવાની રહેશે. જે અંગેની જરૂરી મંજુરી મેળવવાની જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

૬. ગરબે ઘુમતી બહેનો પૈકી ૨ (બે) થી ૪ (ચાર) બહેનો ગરબો ગવડાવે અને બાકીની બહેનો પોતાનો ગરબો ઝીલે અને ઝીલાવે એ આવશ્યક છે એ માટે જુદૃ ગાયક વૃંદ રાખી શકાશે નહિં. રાજયકક્ષાના ગવડાવનાર ૨ (બે) કે ૪ (ચાર) બહેનોને લેપલ (બટન) માઇક પુરા પાડવામાં આવશે અને તેનો ઉપયોગ કરી શકાશે.

૭. ગરબાની ચકાસણી પરત્વે લોકગમ્યઢાળ કંઠનું માધુર્ય અને સુરિલાપણું સમસ્ત ગાનાર વૃંદના સુમેળ ભર્યા લલિત અંગડોલન સાથેની લયબધ્ધ ધુમાવાની છટા અને સુસ્પષ્ટ ઉચ્ચારણ જેવા ગરબાના પ્રધાન અંગ પ્રત્યે સવિશેષ ધ્યાન અપાશે અને એ જ ધોરણે મુલ્યાંકન કરાશે.

૮. ગરબાની રજૂઆત માટે ચપટી, મંજીરા, દિવડા, માટલી, માંડવડી / ગાગર, ઘડો વિગેરેનો ગરબામાં ઉપયોગ થઇ શકશે.

OPPO F11 Pro
2022/09/03 12:14

૯. પ્રાચીન ગરબાની રજૂઆતમાં ગરબાની કૃતિ અને તેનો ઢાળ પ્રાચીન હોવો જરૂરી છે. પ્રાચીન કૃતિને અર્વાચીન ઢાળમાં નહિ પણ પ્રાચીન ઢાળમાં જ રજૂ કરવાનો રહેશે. પ્રાચીન કૃતિની રજૂઆત માટે હારમોનીયમ, તબલા કે ઢોલક, બંસરી, શરણાઇ જેવા જ પ્રાચીન વાંજીત્રોનો તેમજ વાયોલિન ઉપયોગ કરી શકાશે. ઇલેકટ્રોનિકસ જેવા વાધોનો ઉપયોગ કરી શકાશે નહિ. વાધોની સંખ્યા ૪ થી વધવી જોઇએ નહિ.

૧૦. (ક) ગરબાની રજૂઆત વેળા રંગબેરંગી પ્રકાશ આયોજન અને પ્રથા રાખવાની નથી.

(ખ) પ્રાચીન અને અર્વાચીન બંન્ને કૃતિઓ ૧૨ થી ૧૬ બહેનોની જુદી જુદી ટુકડીઓ રજૂ કરી શકશે. રાજ્ય કક્ષાની સ્પર્ધામાં પ્રત્યેક વૃંદ પોતે જ વિભાગમાં પસંદગી પામ્યા હોય તે વિભાગની કૃતિઓ રજૂ કરવાની રહેશે.

૧૧. ગરબા નૃત્ય પ્રધાન ન હોવા જોઇએ. તેમજ તેમાં નાટકીય હાવભાવ પણ અસ્થાને લેખાશે.

૧૨. પ્રાચીન ગરબાની કૃતિઓ તેના ઢાળ અને રજૂઆતની રીત વગેરેમાં નવિન પ્રયોગને અવકાશ રહેશે. પરંતુ તેવા પ્રયોગો લોકકલાને મર્યાદા અને સ્વરૂપ સમજીને ગરબા જેવી લોકકલાને ખપે તેવા હોવા જોઇએ. અર્વાચીન લેખકોએ પ્રાચીન શૈલીમાં અગર તો લોકગીતની શૈલીમાં લખેલી કૃતિ પ્રાચીન કૃતિ તરીકે રજૂ કરી શકાશે નહિ.

૧૩. એક ગરબા મંડળીમાં ભાગ લેનાર બહેન - બહેનો બીજી ગરબા મંડળીમાં ભાગ લઇ શકશે નહિ.

૧૪. કેટલાંક વર્ષોના અનુભવે એવું જણાયું છે કે, સામાન્ય ધોરણની એક પ્રકારની નિવારી શકાય તેવી મર્યાદાઓ ધરાવતી સંસ્થાઓ સ્પર્ધામાં ભાગ લેવા તત્પર બને છે. તેમની ભાગ લેવાની ઉત્સાહવૃત્તિ આવકારદાયક લેખાય કે તે સાથે સંસ્થાઓનું ધોરણ યોગ્ય ન હોય તો એની રજૂઆત અત્યંત નબળી બની રહે અને એ સંજોગોમાં રજૂઆત હાંસીપાત્ર બને. આમ ન બને તે માટે ભાગ લેનાર સંસ્થાઓને જિલ્લાકક્ષાની ચકાસણી, ચકાસણી સમિતિની સમક્ષ કરવાની રહેશે. ચકાસણી સમિતિએ પસંદ કરેલી મંડળીઓને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે. ચકાસણી અંગેની પધ્ધતિ જે તે જિલ્લાનાં નિર્ણાયક નકકી કરશે અને તે ભાગ લેનાર મંડળીએ માન્ય રાખવાની રહેશે.

૧૫. દર વર્ષે જિલ્લાકક્ષાએ સ્પર્ધા યોજાશે. જિલ્લાકક્ષાએ યોજાયેલ સ્પર્ધામાંથી પસંદ કરાયેલ એક શ્રેષ્ઠ પ્રાચીન મંડળી અને એક શ્રેષ્ઠ અર્વાચીન મંડળી રાજય સ્પર્ધા માટે પસંદ કરાશે.

૧૬. સરકારશ્રીના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તા.03/0૫/૨00૮ના ઠરાવ ક્માંક: સનન-૧૦૨૦૦૭/સિવિ-૪૧/અ, અન્વયે ઠરાવ્યા અનુસાર રાજયકક્ષાની આ સ્પર્ધામાં ભાગ લેનાર સંસ્થાઓને રૂા.૨૦૦૦/-ને બદલે હવેથી રૂા.૧૫૦૦/-નો પુરષ્કાર આપવામાં આવશે. તેમજ આ ઉપરાંત નિયત કરેલ કલાકારો / સંગીતકારોની સંખ્યાના મર્યાદામાં સ્પર્ધાના સ્થળે આવવા જવાના બસ ભાડા જેટલી (અથવા રેલ્વે બીજા વર્ગના ભાડા જેટલી) રકમ પણ આપવામાં આવશે. રાજયકક્ષાના સ્પર્ધામાં ફકત એક જ દિવસની નિવાસની અને ભોજનની વ્યવસ્થા રાજય તરફથી કરવામાં આવશે. જે મંડળીઓએ ત્રણેય દિવસ રહેવાની ઇચ્છા હશે તો તેમણે તેમની પોતાની વ્યવસ્થા પોતાના ખર્ચે અને જોખમે કરી લેવાની રહેશે.

OPPO F11 Pro
2022/09/03 12:14

૧૭. છેલ્લા કેટલાક વર્ષોના અનુભવ ઉપરથી એવું જણાય છે કે, કેટલીક કૃતિઓ એક કરતાં અનેક મંડળીઓ દ્વારા પસંદગી પામે છે. એવા સંજોગોમાં સ્પર્ધાની વિવિધતા જળવાતી નથી, અને રજૂઆત નીરસ બને છે. આમ ન થાય તે માટે પ્રવેશપત્રો આવતાં જશે તેમ કૃતિઓ જોઇ લેવાશે, અને ફેરવવાની જરૂરત જણાશે તો તે જણાવવામાં આવશે. એ સંજોગોમાં સંસ્થાએ તે કૃતિ ફેરવવાની રહેશે. આ બાબતમાં સ્થાનિક વ્યવસ્થાપકોનો નિર્ણય છેવટ નો રહેશે. સંસ્થાઓને આ બાબતમાં વિશેષ સહકાર આપવા વિનંતી છે

૧૮. પ્રવેશ પત્ર ભરવામાં કંઇ ખામી રહી ગઇ હશે યા માહિતી અપૂર્ણ હશે અગર તો વધારે વિગતની જરૂરત રહેશે, તો ગરબા મંડળીના મુખ્ય કાર્યકર્તાને રૂબરૂ બોલાવવામાં આવશે. તે માટે પ્રવેશપત્રમાં ટેલીફોન નંબર અગર તો જવાબદાર વ્યકિતનું પુરેપુરૂ સરનામું આપવા વિનંતી છે. જણાવેલ સમયમાં મુખ્ય કાર્યકર્તા હાજર નહિ થાય તો તેમનું પ્રવેશપત્ર રદ કરવાને પાત્ર રહેશે. નિયમોની પ્રત સંસ્થાને પોતાની પાસે રાખવાની રહેશે.

૧૯. પ્રવેશપત્રોની બે નકલો ભરીને મોકલવાની રહેશે. એક નકલ સ્થાનિક આયોજકોને મોકલવાની રહેશે. જયારે બીજી નકલ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં.૧૧/૩જો માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ને સરનામે મોકલવાની રહેશે.

૨૦. પ્રાચીન - અર્વાચીન કૃતિની ચકાસણી બરાબર કરાય તે માટે સ્થાનિક આયોજકો, સાહિત્યકારો તથા ગરબાનાં નિષ્ણાંતોની એક ચકાસણી સમિતિ રચી અને તેમની પાસે કૃતિઓની ચકાસણી કરાવે તે અત્યંત આવશ્યક છે. ઘણીવાર એવું જોવા મળે છે કે, ગુજરાતના અત્યંત જાણીતા અર્વાચીન કવિની લોકગીતના ઢબે લખાયેલી કૃતિને પ્રાચીન કૃતિ તરીકે સ્વિકારી લઇ પ્રાચીન વિભાગમાં રજૂ કરાય છે. આવું બનવું ન જોઇએ. પ્રાચીન ગરબાની કૃતિ પ્રાચીન કવિ દ્વારા જ લખાયેલી હોવી જોઇએ અને એની રજૂઆતમાં પણ અસલીયત જાળવવી જોઇએ. કવિશ્રી નાનાલાલ પહેલાના ગરબાને પ્રાચીન ગરબા ગણવાના રહેશે. ત્યારપછીના તમામ ગરબા અર્વાચીન ગરબા ગણાશે.

૨૧. નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સર્વને બંધનકર્તા રહેશે. અને તેમાં કોઇ તકરાર કે દાવો કરી શકાશે નહિ.

૨૨. મૂલ્યાંકન પત્ર રજૂ કરવામાં આવ્યું છે.

OPPO F11 Pro
2022/09/03 12:14

OPPO F11 Pro

# પરિશિષ્ટ-બ

## રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા યોજવામાં આવતા રાસ સ્પર્ધાના નિયમો.

---

૧. રાસ માં ભાગ લેનાર વ્યકિતઓની વય મર્યાદાનું ધોરણ ૧૪ થી ૪૦ વર્ષનું રહેશે. વાધકારોને વયમર્યાદા લાગુ પડશે નહિ.

૨. પ્રત્યેક રાસ ની સમયમર્યાદા ૬ થી ૧૦ મીનીટની રહેશે.

૩. રાસ માં ભાગ લેનાર વ્યકિતઓની સંખ્યા ૧૨ થી ૧૬ રાખી શકાશે, અને સાથે સંગીતકાર ૪ રાખી શકાશે. આમ કુલ સંખ્યા ૨૦ કરતાં વધારે રાખી શકાશે નહિ.

૪. રાસ હરિફાઇમાં એકલા ભાઇઓ. એકલી બહેનો. છોકરાઓ / છોકરીઓ (ભાઇઓ - બહેનો) મિશ્ર રાસ ની ટુકડી ભાગ લઇ શકશે. બહેનો ભાઇઓનો વેશ લઇ રાસ સ્પર્ધામાં ભાગ લઇ શકશે નહિ. આમ ત્રણેય વૃંદોનું મૂલ્યાકન એક જ સરખું થશે.

૫. રાસ, દાંડીયા, મંજીરા, કરતાલ સાથે પણ રાસ લઇ શકાશે.

૬. વેશભૂષા રાસ ને અનુરૂપ હોવી 'આવશ્યક છે.

૭. રાસ માં અસલ લોકગીત, ભજનો વગેરે લોકકલાના શુધ્ધ સ્વરૂપના જ ગીતો રજૂ કરવાના રહેશે.

૮. એક રાસ મંડળીમાં ભાગ લેનાર વ્યકિત બીજી મંડળીમાં ભાગ લઇ શકશે નહિ.

૯. રાસ માં હારમોનીયમનો ઉપયોગ કરી શકાશે. રાસ બહારથી પણ ગવડાવી શકાશે. ઇલેક્ટ્રોનીક વાધોનો ઉપયોગ કરી શકાશે નહિ.

૧૦. આ રાસ સ્પર્ધા પ્રથમ જિલ્લાકક્ષાએ યોજાશે. જિલ્લાકક્ષાએ યોજાનાર સ્પર્ધામાં રાસ મંડળીઓએ ભાગ લેવાનો રહેશે. જિલ્લાકક્ષાએ પસંદ કરાયેલ મંડળીનું રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જેવું ધોરણ ન હોય તો તેને રાજયકક્ષાની સ્પર્ધામાં મોકલવી કે કેમ તે અંગે જિલ્લાકક્ષાના નિર્ણાયકો નિર્ણય લેશે અને તેમનો નિર્ણય છેવટ નો રહેશે.

૧૧. જિલ્લા તથા રાજયકક્ષાએ ભાગ લેવા જે તે મંડળીને શકય હશે તો અગાઉથી રજૂઆતનો ક્રમ જણાવવામાં આવશે. તેમ છતાં અનિવાર્ય સંજોગોમાં આ ક્રમમાં ફેરફાર કરી શકાશે અને તે અંગેનો છેવટનો નિર્ણય ભાગ લેનાર મંડળીઓનો બંધનકર્તા રહેશે.

૧૨. સરકારશ્રીના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તા.03/0૫/૨00૮ના ઠરાવ ક્રમાંક સનન - ૧૦૨૦૦૭ - સિવિ - ૪૧ - અ અન્વયે ઠરાવ્યા અનુસાર રાજ્યકક્ષાના સદરહુ સ્પર્ધામાં ભાગ લેનાર સંસ્થાઓને રૂા. ............. ને બદલે હવેથી રૂા. ................... નો પુરષ્કાર આપવામાં આવશે. તેમજ આ ઉપરાંત નિયત કરાયેલ કલાકારો / સંગીતકારોની સંખ્યાની મર્યાદામાં સ્પર્ધાના સ્થળે આવવા - જવાના બસ ભાડા જેટલી (અથવા રેલ્વેના બીજા વર્ગના ભાડા જેટલી) રકમ પણ આપવામાં આવશે. રાજ્યકક્ષાની સ્પર્ધામાં ફકત એક જ દિવસની નિવાસ અને ભોજનની વ્યવસ્થા રાજય તરફથી કરવામાં આવશે. જે મંડળીઓએ ત્રણેય દિવસ રહેવાની ઇચ્છા હશે તો તેમણે તેમની પોતાની વ્યવસ્થા પોતાના ખર્ચે - જોખમે કરી લેવાની રહેશે.

૧૩. પ્રવેશપત્ર ભરવામાં કંઇ ખામી રહી ગઇ હશે યા માહિતી આપવાની બાકી હશે અગર તો વધારે વિગતની જરૂરત હશે તો રાસ મંડળીના મુખ્ય કાર્યકર્તાને રૂબરૂ બોલાવવામાં આવશે. માટે પ્રવેશપત્રમાં ટેલીફોન/મોબાઇલ નંબર અગર તો જવાબદાર વ્યકિતનું પુરેપુરૂ સરનામું આપવા વિનંતી છે. જણાવેલ સમયમાં મુખ્ય કાર્યકર્તા હાજર નહિ થાય તો તેમનું પ્રવેશપત્ર "રદ" કરવાનો પાત્ર રહેશે. નિયમોની પ્રત સંસ્થાને પોતાની પાસે રાખવાની રહેશે.

૧૪. પ્રવેશપત્રોની બે નકલો ભરીને મોકલવાની રહેશે. એક નકલ સ્થાનિક આયોજકોને મોકલવાની રહેશે. જ્યારે બીજી નકલ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં.૧૧/૩જો માળ ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને સરનામે મોકલવાની રહેશે.

૧૫. નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સર્વને બંધનકર્તા રહેશે. અને તેમાં કોઇ તકરાર કે દાવો કરી શકાશે નહિ

૧૬. છેલ્લા કેટલાક વર્ષોના અનુભવ ઉપરથી એવું જણાય છે કે, કેટલીક કૃતઓ એક કરતા અનેક મંડળીઓ દ્રારા પસંદગી પામે છે. એવા સંજોગોમાં સ્પર્ધાની વિવિધતા જળવાતી નથી અને રજૂઆત નીરસ બને છે. આમ ન થાય તે માટે પ્રવેશપત્રો આવતાં જશે તેમ કૃતિઓ જોઇ લેવાશે. અને ફેરવવાની જરૂરત જણાશે તો તે જણાવવામાં આવશે. એ સંજોગોમાં સંસ્થાએ તે કૃતિ ફેરવવાની રહેશે. આ બાબતમાં સ્થાનિક વ્યવસ્થાપકોનો નિર્ણય છેવટનો રહેશે. સંસ્થાઓએ આ બાબતમાં વિશેષ સહકાર આપવા વિનંતી છે.

૧૭. મૂલ્યાંકન પત્રક આ સાથે રજૂ કરેલ છે.

# રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા યોજવામાં આવનાર ગરબા સ્પર્ધા માં ભાગ લેવાનું પ્રવેશપત્ર.

| ક્રમ | વિગત | માહિતી | |
|---|---|---|---|
| ૧ | સંસ્થાનું નામ | | |
| ૨ | સંસ્થાનું સરનામુ | | |
| ૩ | સંસ્થાનો સંપર્ક નંબરઃ- | | |
| ૪ | સંસ્થામાં જવાબદાર વ્યકિત | | |
| | નામ | સરનામું | મોબાઇલ નંબર |
| | | | |
| ૫ | ગરબા માં ભાગ લેનાર કલાકારોની નામની યાદી સાથે જોડેલ પત્રકમાં ભરી દરેક કલાકારની આધાર કાર્ડની નકલ સાથે જોડવી. | | |
| ૬ | ગરબા કૃતિનું નામ અને સમય મર્યાદાઃ- | | |
| | પ્રાચીન ગરબા | કૃતિનું નામ**:-** | |
| | | સમય (મિનિટમાં) **:-** | |
| | અર્વાચીન ગરબા | કૃતિનું નામ**:-** | |
| | | સમય (મિનિટમાં) **:-** | |
| ૭ | કૃતિના શબ્દો | | |
| ૮ | કૃતિના લેખકનું નામ | | |
| ૯ | ગરબાની દરેક કૃતિની લખાણની નકલ પ્રવેશપત્ર સાથે બીડવી. | | |
| ૧૦ | કૃતિના કર્તાની (લેખકની) પરવાનગી મેળવવામાં આવી છે? હા / ના | | |
| | મેળવેલ પરવાનગી સાથે જોડી છે? હા / ના | | |
| ૧૧ | અન્ય વિગતો જણાવવી હોય તો તે ........... | | |

નોંધઃ- ગરબા / સ્પર્ધાના નિયમો વાંચ્યા છે અને તે પ્રમાણે વર્તવા બંધાયેલા છીએ.

તારીખઃ- / / ૨૦૨૨

સહીઃ- ............................................................

નામઃ- ............................................................

સ્થળઃ- ....................................

હોદ્દોઃ- ............................................................

સંસ્થાનો સિક્કોઃ-

સંસ્થાનું નામઃ- ..............................................

# <u>ગરબા માં ભાગ લેનાર કલાકારોની નામની યાદી દર્શાવતું પત્રક.</u>

| ક્રમ | નામ | જન્મ તારીખ | ઉંમર | સરનામું |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |
| ૭ | | | | |
| ૮ | | | | |
| ૯ | | | | |
| ૧૦ | | | | |
| ૧૧ | | | | |
| ૧૨ | | | | |
| ૧૩ | | | | |
| ૧૪ | | | | |
| ૧૫ | | | | |
| ૧૬ | | | | |

## <u>સંગીતકારોની યાદી.</u>

| ક્રમ | નામ | જન્મ તારીખ | ઉંમર | સરનામું | વાધનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |

નોંધઃ- ગરબા / સ્પર્ધાના નિયમો વાંચ્યા છે અને તે પ્રમાણે વર્તવા બંધાયેલા છીએ.

તારીખઃ- / / ૨૦૨૨

સહીઃ- ..........................................................

નામઃ- ..........................................................

સ્થળઃ- ....................................

હોદ્દોઃ- ..........................................................

સંસ્થાનો સિકકોઃ-

સંસ્થાનું નામઃ- ................................................

# રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા યોજવામાં આવનાર રાસ સ્પર્ધા માં ભાગ લેવાનું પ્રવેશપત્ર.

<table>
<tr><td>ક્રમ</td><td>વિગત</td><td colspan="2">માહિતી</td></tr>
<tr><td>૧</td><td>સંસ્થાનું નામ</td><td colspan="2"></td></tr>
<tr><td>૨</td><td>સંસ્થાનું સરનામુ</td><td colspan="2"></td></tr>
<tr><td>૩</td><td>સંસ્થાનો સંપર્ક નંબરઃ-</td><td colspan="2"></td></tr>
<tr><td rowspan="3">૪</td><td colspan="3"><u>સંસ્થામાં જવાબદાર વ્યકિત</u></td></tr>
<tr><td>નામ</td><td>સરનામું</td><td>મોબાઇલ નંબર</td></tr>
<tr><td></td><td></td><td></td></tr>
<tr><td>૫</td><td colspan="3">રાસ માં ભાગ લેનાર કલાકારોની નામની યાદી સાથે જોડેલ પત્રકમાં ભરી દરેક કલાકારની આધાર કાર્ડની નકલ સાથે જોડવી.</td></tr>
<tr><td rowspan="3">૬</td><td colspan="3"><u>રાસ કૃતિનું નામ અને સમય મર્યાદાઃ-</u></td></tr>
<tr><td rowspan="2">રાસની વિગતઃ-</td><td colspan="2">કૃતિના શબ્દો:-</td></tr>
<tr><td colspan="2">સમય (મિનિટમાં) :-</td></tr>
<tr><td>૭</td><td>કૃતિના લેખકનું નામ</td><td colspan="2"></td></tr>
<tr><td>૮</td><td colspan="3">રાસની દરેક કૃતિની લખાણની નકલ પ્રવેશપત્ર સાથે બીડવી.</td></tr>
<tr><td rowspan="2">૯</td><td>કૃતિના કર્તાની (લેખકની) પરવાનગી મેળવવામાં આવી છે?<br>હા / ના</td><td colspan="2"></td></tr>
<tr><td>મેળવેલ પરવાનગી સાથે જોડી છે?<br>હા / ના</td><td colspan="2"></td></tr>
<tr><td>૧૦</td><td>અન્ય વિગતો જણાવવી હોય તો તે ...........</td><td colspan="2"></td></tr>
</table>

નોંધઃ- રાસ સ્પર્ધાના નિયમો વાંચ્યા છે અને તે પ્રમાણે વર્તવા બંધાયેલા છીએ.

તારીખઃ-     /    / ૨૦૨૨

સહીઃ- ...........................................................

નામઃ- ...........................................................

સ્થળઃ- .....................................

હોદ્દોઃ- ...........................................................

સંસ્થાનો સિકકોઃ-

સંસ્થાનું નામઃ- ................................................

# રાસ માં ભાગ લેનાર કલાકારોની નામની યાદી દર્શાવતું પત્રક.

| ક્રમ | નામ | જન્મ તારીખ | ઉંમર | સરનામું |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |
| ૭ | | | | |
| ૮ | | | | |
| ૯ | | | | |
| ૧૦ | | | | |
| ૧૧ | | | | |
| ૧૨ | | | | |
| ૧૩ | | | | |
| ૧૪ | | | | |
| ૧૫ | | | | |
| ૧૬ | | | | |

## સંગીતકારોની યાદી.

| ક્રમ | નામ | જન્મ તારીખ | ઉંમર | સરનામું | વાધનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |

નોંધઃ- ગરબા / સ્પર્ધાના નિયમો વાંચ્યા છે અને તે પ્રમાણે વર્તવા બંધાયેલા છીએ.

તારીખઃ- / / ૨૦૨૨

સહીઃ- ............................................................

નામઃ- ............................................................

સ્થળઃ- ....................................

હોદ્દોઃ- ............................................................

સંસ્થાનો સિક્કોઃ-

સંસ્થાનું નામઃ- ................................................